ગાંધીનગર સમાચાર
તા. ૬-૭-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

મોદી સરકારની પહેલી આંતરરાષ્ટ્રીય સફળતા

ઈરાકમાં ફાટી નીકળેલ ગૃહયુદ્ધમાં દશ હજારથી વધુ ભારતીય ફસાયેલા છે. બગદાદ જેવું દેશનું પાટનગર પણ અલ બગદાદીના આતંકવાદીઓના ઓછાયા હેઠળ આવી ગયું છે અને મોસુલ કે તિકરીત જેવાં શહેરો પર તો સુન્ની આતંકવાદીઓનો કબજો પણ થઇ ગયો હતો, જે પૈકી છેલ્લે મળતા સમાચાર મુજબ ઈરાકના ખૂંખાર પૂર્વ પ્રમુખ (સરમુખત્યાર) સદ્દામ હુસેનનું વતન તિકરિત આંતરરાષ્ટ્રીય પરિબળોની સહાયથી મુક્ત કરાયું છે અને તે હવે ઈરાકી સૈન્યના કબજામાં આવી ગયું છે. અલ બગદાદીએ પોતાની જાતને આઈએસઆઈએસના નેતાથી ઉપર ઉઠીને સમસ્ત ઈસ્લામિક દુનિયાના ખલીફા તરીકે જાહેર કરી દઈ આખા વિશ્વને ચોંકાવી દીધું છે. જો કે અમેરિકા અને ઈંગ્લેન્ડની ગર્ભિત સૈનિક સહાયથી ઈરાકી સૈન્ય ગુમાવેલ પ્રદેશો પાછા મેળવવા કૃત સંકલ્પ છે. હવાઈ હુમલામાં બગદાદી પોતે ઘવાયો હોવાના સમાચારથી આતંકવાદી - જેહાદી પરિબળોમાં હતાશા ફેલાશે તો ઈરાકમાં પુનઃ શાંતિ સ્થપાતાં વાર નહીં લાગે. પરંતુ પરંતુ ઈરાકની સમસ્યાએ ભારત સહિત દુનિયાના અનેક દેશોની ઊંઘ હરામ કરી દીધી છે, એ એકવીસમી સદીના બીજા દાયકાની વસમી વાસ્તવિકતા છે. અલગ ઈસ્લામિક રાષ્ટ્રની સ્થાપના કરનારા આતંકવાદી જૂથ આઈએસઆઈએસને લોકશાહીવાદી વૈશ્વિક પરીબળો કયારેય માન્યતા નથી જ આપવાનાં, તે સાચું. પરંતુ ઈરાક યુદ્ધને કારણે દુનિયા આખી 'ઓઈલ ક્રાઈસિસ' અનુભવી રહી છે. ઘર આંગણે મોદી સરકારને નાછૂટેક ડિઝલ-પેટ્રોલના ભાવ વધારવા પડ્યા છે. ડિઝલ-પેટ્રોલ અને ગેસ મોંઘા બનતાં બાકીનાં તમામ ચીજવસ્તુઓ મોંઘી બને તે સ્વાભાવિક છે. મોંઘવારીના કૂટ પ્રશ્નનો ઉકેલ શોધી રહેલી મૂંઝાયેલી મોદી સરકાર માટે ઈરાકમાં ફસાઈ ગયેલા ભારતીયોના સલામત સ્થળાંતરનો પ્રશ્ન ભારે શિરોવેદના પુરવાર થયો છે. ઈરાકમાં પેટિયું રળવા ગયેલાં દેશવાસીઓ ત્યાં લગભગ કેદી જેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે. એમને જે તે કંપનીના કારીગર - મજૂર તરીકે ઘરમાં જ પુરાઈ રહેવું પડે છે. એમની પાસેથી પાસપોર્ટ પણ છીનવી લેવાયા છે, જેથી તેઓ લાચાર થઈને ઈરાકી શાસનતંત્ર અને ભારત સરકારના સહિયારા પ્રયાસોથી મોડાવહેલાં આ નાટકીય પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવાની આશા સાથે દિવસો ગણી રહ્યાં છે. ઈરાકી સૈન્યના જવાનો ભારતીયો પાસેથી ઉઘાડે છોગ ડૉલર લૂંટે છે. એમને મૂંગો મોંએ આ શોષણ સહી લેવું પડે એવી સ્થિતિ સરજાઈ છે. ભારતીય મૂળની ૪૬ નર્સોને ઈરાકી સૈન્ય છોડાવી ન શક્યું. તમામ બંધક નર્સોને ભારતીય રાજદૂતે જેહાદી આતંકવાદીઓ સાથે ચર્ચા કરીને છોડાવી છે ત્યારે આ કામ પાર પાડતાં કેટલી વીસુઓ સો થયા હશે તે વિચારવા જેવું છે. જેહાદીઓ તિકરિતમાં કેદ કરાયેલ નર્સોને મોસુલ લઈ ગયા હતા. જુવાનજોશ કન્યાઓ પર કેવો જુલમ ગુજારાયો હશે તે તો એમનું મન જ જાણતું હશે. પરંતુ પેલી કહેવત છે એમ - જાન બચી તો લાખો લક્ષ્મી છે. જી હૈ તો જહાન હૈ! ભારતીય રાજદૂતની કુનેહભરી વાટાઘાટો રંગ લાવી છે અને છેલ્લે ઘણા દિવસથી જેમની સલામતી વિશે દેશ આંખો ઊંચા જીવો હતો, એમને લઈને એર ઈન્ડિયાનું ખાસ વિમાન ભારત આવી પહોંચ્યું છે. મુંબઈથી ખાસ વિમાન દ્વારા આ ૪૬ પૈકી મોટા ભાગની નર્સો કોચ્ચીના હવાઈમથકે ઉતરી ત્યારે એમના સ્વાગત માટે કેરળના મુખ્યમંત્રી ઓમાન ચાંડી પોતે હાજર રહ્યા. ઓમના ચાંડી માટે એમના રાજયની દીકરીઓ હેમખેમ મોતના મોઢામાંથી પાછી આણવાની ખુશાલી હતી તો વળી સુષ્મા સ્વરાજના વિદેશખાતા માટે અને મોદી સરકાર માટે એ આંતરરાષ્ટ્રીય કૂટનીતિ અને કુનેહદ્વારા બાંધી મૂઠ્ઠીની લાજ સચવાયાની શુભ ઘટના હતી. ભારત વિશ્વની મહાસત્તાઓની હરોળમાં આવી ગયું હોય છતાં આપણાં નાગરિકોને જેહાદીઓ બંધક બનાવી શકે છે, એ શું સૂચક નથી? ૪૬ નર્સો ઉપરાંત અન્ય ૧૩૭ જેટલી વ્યક્તિઓ ઈરાકથી ભારત પરત આવી શકી છે, છતાં બીજા હજારો ભારતીય મજૂરો પાસપોર્ટ - વિઝા જપ્ત થવાને લીધે અને અન્ય ટેકનિકલ કારણોસર ઈરાકમાં અઠવાયેલા છે. ભારતના નાગરિકોની કેવી દુર્દશા છે કે એમને પેટિયું રળવા અન્ય દેશોમાં મજૂરી કરવા જવું પડે છે! એકવીસમી સદીના હિન્દુસ્તાન માટે આ કોઈ ગૌરવપ્રદ ઘટના નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારને એના પ્રારંભિક તબક્કામાં જ આ કડવી વાસ્તવિકતાનો અહેસાસ થઈ ગયો છે.

આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આયોજિત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૫

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગત ૨૩ જૂન થી ૫ જૂલાઈ સુધી ચાલેલ આ શિબિરમાં ૧૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

દરરોજ ત્રણ જુદી જુદી બેચમાં કરાટે નિષ્ણાત પ્રશિક્ષકો શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા શ્રી હનુ પરમારે વિદ્યાર્થીનીઓને કરાટેની પંચ, બ્લોક, કીક વગેરે જેવી બેઝીક ટેક્નિક્સની સાથે સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું પણ પ્રશિક્ષણ આપ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ ૫મી જૂલાઈનાં રોજ સવારે ૯-૩૦ કલાકે શાળાના વિશાળ કક્ષમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રવીણ વલેરા, મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, અતિથિ વિશેષ તરીકે કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદ રાણા, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ તથા શાળાનાં આચાર્યા શ્રીમતી કે. એમ. ચૌહાણ તથા રેક્ટર શ્રીમતી રેણુકાબહેન ગામીત ઉપસ્થિત રહ્યાં હતા.

પોતાના વક્તવ્યમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટનું કામકાજ જેમની દેખરેખ

હેઠળ ચાલી રહ્યું છે તેવા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રવીણ વાલેરાએ જણાવ્યું હતું કે સજ્જન માણસોએ પોલીસથી ડરવાની જરૂર નથી. પોલીસ ગુનેગારોને ઓળખવામાં સક્ષમ છે. પોલીસ કઠોર છે, દંડા ફટકારે છે પણ તે માત્ર ગુનેગારો, અસામાજિક તત્ત્વો પ્રત્યે જ કઠોર વલણ ધરાવે છે. તેમણે વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વોનો ભોગ ન બને તે માટે કેટલીક ટીપ્સ આપતાં કહ્યું હતું કે જયારે પણ પ્રવાસમાં જાવ ત્યારે એકલા ન પડી જવું, કોઈ કનડગત કરે તો તરત જ બુમાબુમ કરવાથી આસપાસના લોકોનું ધ્યાન આકર્ષિત થશે અને તમને સહાયત મળી રહેશે. તેમણે વિદ્યાર્થીનીઓને કોઈ કનડગત કરે તો સહન ન કરવા અને શરૂઆતથી જ પ્રતિકાર કરવાની ટેવ પાડવા અનુરોધ કર્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓને સમગ્ર વર્ષ દરમ્યાન અઠવાડિયામાં એક દિવસ સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવશે તેવી ઘોષણા કરી હતી.

મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીમતી મીનાક્ષીબહેને પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે કરાટેના અભ્યાસથી સ્વબચાવની સાથે શારીરિક અને માનસિક વિકાસ પણ થાય છે. જુસ્સો વધે છે, બોડી લેંગ્વેજ પણ બદલાઈ જાય છે. વર્તમાન સમયમાં બધી બહેનોએ કરાટેનો અભ્યાસ કરવો જોઈએ તેવી તેમણે લાગણી વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને કોઈપણ જાતની સમસ્યા હોય તો મહિલા પોલીસ સ્ટેશન અથવા કોઈપણ નજીકનાં પોલીસ સ્ટેશન પહોંચીને કોઈપણ જાતના સંકોચ કે ડર વગર ફરિયાદ નોંધાવવા સલાહ આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે જો મહિલા ફરિયાદી પોતાનું નામ જાહેર ન કરવા માંગતી હોય તો પોલીસ દ્વારા તેનું નામ ગુપ્ત રાખવામાં આવે છે એટલે ફરિયાદ કરવામાં સંકોચાવું નહીં.

કરાટે અકેડમીનાં વડા શિહાન અરવિંદ રાણાએ પોતાના વક્તવ્યમાં કરાટે શીખવાથી થતા લાભો વિશે સમજણ આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને શક્તિશાળી બનવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા જે રીતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર માટે સકારાત્મક અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે તે બદલ તેમણે પોલીસ અધિકારીઓનો પણ આભાર માન્યો હતો. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહે શાળાની વિવિધ પ્રવૃત્તિઓ કરી વિદ્યાર્થીનીઓનાં સર્વાંગીણ ઉન્નતિનાં થઈ રહેલા પ્રયાસોની પ્રસંશા કરી હતી.

કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાના આચાર્યા શ્રીમતી કે. એમ. ચૌહાણે સ્વાગત પ્રવન કર્યું હતું. તેમણે શાળા દ્વારા વિદ્યાર્થીનીઓનાં સર્વાંગી વિકાસ માટે સતત ઉપયોગો પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. આવી સ્વબચાવની અતિ આવશ્યક કળા વિદ્યાર્થીનીઓ શીખે અને તેઓમાં આત્મવિશ્વાસ વધે, શારીરિક રીતે સક્ષમ બને અને જરૂર પડે પોતાનું રક્ષણ કરી શકે તેવી સક્ષમ બને તે માટે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આ પ્રકારની તાલીમ આપવાનું શરૂ કર્યું છે તેની પ્રસંશા કરી હતી. શાળાની વિદ્યાર્થીનીઓને આનો લાભ આપવા બદલ તેમણે પોલીસ તંત્રનો આભાર પણ માન્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં ૧૧ દિવસો સુધી જેમણે પ્રશિક્ષણ મેળવ્યું હતું તે વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર શિબિરને સફળ બનાવવામાં શ્રી આર. જી. ડામોરે સમગ્ર શિબિર દરમ્યાન શાળા સમય બાદ પણ પોતાની સેવાઓ પ્રદાન કરી પ્રસંશનીય સહયોગ પ્રદાન કર્યો હતો. સમાપન સમારોહનું સફળ સંચાલન શાળાની શિક્ષિકા શ્રીમતી અમીતાબહેન પરમારે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શાળાના શિક્ષક શ્રી વિપુલભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

ગાંધીનગરની જાણીતી સંસ્થા આરાધના સ્કૂલ ઓફ ડાન્સની ૧૨ દિકરીઓએ તાજેતરમાં લેહ લદાખ ખાતે ગુજરાતની બે કૃતિઓ ગરબો અને ટીપ્પણી રજૂ કરી હાજર ૪૦૦૦ જેટલા પ્રેક્ષકોની વાહવાહ મેળવી હતી. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા અરવિંદ કેન્દ્ર ગાંધીનગર ખાતે 'આરાધના સ્કૂલ સ્કૂલ ઓફ ડાન્સ'ની આ વિદ્યાર્થીઓએ સિંધુ યાત્રામાં ગુજરાતના લોકનૃત્યો રજૂ કરવાની તક મળી હતી. કુલ ૧૨ રાજ્યોમાંથી યાત્રાળુઓ આવ્યા હતા. નગરની જાણીતી સંસ્થા અરવિંદકેન્દ્ર ખાતે છેલ્લા ૧૪ વર્ષથી કથ્થકનું માર્ગદર્શન ગાર્ગી પસારી આપી રહ્યા છે. જિલ્લા અને રાજ્યકક્ષાએ ગરબામાં અને લોકનૃત્યોમાં તેમજ વાયબ્રન્ટ, રણોત્સવ, કાંકરિયા કાર્નિવેલ, પતંગોત્સવ જેવી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પોતાનું ઉત્કર્ષ પ્રદર્શન આપનાર ગાર્ગી પસારી કથ્થર ઉપરાંત ફોક ડાન્સની તાલીમ પણ આપે છે.

ઈન્ફોસીટી કૉલેજમાં 'લાયન્સ ક્વેસ્ટ સેન્ટર'નો શુભારંભ

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજ સરગાસણ ખાતે અંગ્રેજી એ ગુજરાતી મીડિયમ સ્કૂલના બાળકોનાં સર્વાંગી વિકાસ માટે 'લાયન્સ ક્વેસ્ટ સેન્ટર' શરૂ કરાયું છે. લાયન્સ ક્વેસ્ટના ડાયરેકટર શ્રીમતી સૌદામીનીબેન પટેલ અને કો. ઓડીનેટર શ્રીમતી રેખાબેનની ઉપસ્થિતિમાં લાયન્સ ક્વેસ્ટ સેન્ટરનો શુભારંભ કરાયો હતો. ક્વેસ્ટ સેન્ટર માધ્યમ દ્વારા બાળકો અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૫૦ બાળકોને તાલીમ અપાશે.

ઈન્ફોસીટી સ્કૂલના આચાર્યા પ્રવીણાબેન, દિપ્તીબેન દ્વારા મહેમાનોનું સ્વાગત કરાયું હતું. સેક્રેટરી ડિમ્પલ દેસાઈ દ્વારા આભારવિધિ કરાઈ હતી. લાયોનેસ કલબના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર સ્વ. ગોપીનાથ મુંડે કેન્દ્રમાં કયા મંત્રાલયમાં મંત્રી હતા?
→ **ગ્રામીણ વિકાસ મંત્રાલય**

૨. વર્ષ ૨૦૧૪માં માં ઇટાલી ખાતે આયોજીત આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધા જીતનાર ભારતીય કુસ્તીબાજ કોણ છે?
→ **યોગેશ્વર દત્ત**

૩. વર્ષ ૨૦૧૪ પોસ્ટર વિભાગના સચિવ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **કાવેરી બેનર્જી**

૪. વર્ષ ૨૦૧૪માં ભારતના કયા રાજયમાં મહિલાઓની મદદ માટે જિલ્લે-જિલ્લે વિશેષ હેલ્પલાઇન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
→ **ઉત્તરપ્રદેશ**

૫. વર્ષ ૨૦૧૪ મલાવી રાષ્ટ્રના રાષ્ટ્રપતિ પદે કોની પસંદગી કરવામાં આવી છે?
→ **પીટર મુથારિકા**

૬. વર્ષ ૨૦૧૪ પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝીન દ્વારા બહાર પાડવામાં આવેલી વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં પ્રથમ ક્રમે કોને સ્થાન આપવામાં આવ્યું છે?
→ **એજેલા મર્કેલ**

૭. વર્ષ ૨૦૧૪માં 'હાવર્ડ મેડલ' પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય કોણ છે?
→ **આનંદ મહિંદ્રા**

૮. સૌરઉર્જાથી ચાલનારું પ્રથમ હવાઇ જહાજ કયું છે?
→ **સોલર ઇંપલ્સ-૨**

૯. ૧૬મી લોકસભામાં પ્રોમેટ સ્પીકર તરીકે કોની નિયુકતિ કરવામાં આવી હતી?
→ **કમલનાથ**

૧૦. વર્ષ ૨૦૧૪માં ભારતીય વાયુસેના અને ફ્રાન્સીસી વાયુસેના વચ્ચે કયુ સૈન્ય અભ્યાસ યોજાયું હતું?
→ **ગરુડ-૫**

૧૧. વર્ષ ૨૦૧૪માં ગોવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
→ **૩૦મે**

૧૨. વર્ષ ૨૦૧૪માં ફોર્મુલા વન માટે 'મોનાકો ગ્રાંડ પીક્ષ'નો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
→ **નીકો રોસેબેર્સ**

૧૩. ભારત અને સિંગાપુર વચ્ચે સિમબેક્સ ૨૦૧૪ નૌકા અભ્યાસ કાર્યક્રમ કયાં યોજાયો હતો?
→ **અંદમાન સમુદ્ર**

૧૪. વર્ષ ૨૦૧૪ સ્પેર એક્સ કંપની દ્વારા અંતરીક્ષ યાત્રીઓને મોકલવા માટે કયું કેપસૂલ વિકસાવ્યું છે?
→ **ડ્રેગન વી-૨**

૧૫. વર્ષ ૨૦૧૪માં કોલકાત્તા નાઇટ રાઇડર્સએ 'ઇન્ડિયન પ્રિમિયર લીગ' (આઇ.પી.એલ) નો ખિતાબ કેટલી જીત્યો?
→ **બે વાર**

૧૬. વર્ષ ૨૦૧૪માં તેલંગાણા રાજયના પ્રથમ મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા હતા?
→ **ચંદ્રશેખર રાવ**

૧૭. વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **અજીત દોભાલ**

૧૮. વર્ષ ૨૦૧૪માં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ કયાં મીડિયા સમૂહનો હિસ્સો ખરીદ્યો છે?
→ **નેટવર્ક-૧૮**

૧૯. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા શાંતિરક્ષક દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
→ **૨૯ મે**

૨૦. વર્ષ ૨૦૧૪ મૃત્યુ પામનાર મશહૂર ખેલાડી અજલાન શાહ કઇ રમત સાથે સંકલાયેલ છે?
→ **હોકી**

ભયસૂચક થઇ આ સપાટી સ્મરણોની, કયાંક બહુ વરસાદ જેવું લાગે છે...!!!

રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

આ સીધી વાટ છોડીને ચાલ્યો જવાનો સાવ, શબ્દો સપાટ છોડીને
ચાલ્યો જવાનો સાવ.
સમૃદ્ધિ આ અખંડ દીવાની તને દઈ, ઘર ઝળહળાટ છોડીને ચાલ્યો
જવાનો સાવ...!!!!

સપાટ શબ્દ અને જળહળાટ છોડીને ૨૭ ઓક્ટોબર ૨૦૦૩ના રોજ સીધી વાટ છોડીને અનંત રસ્તે ચાલ્યા ગયેલા કવિ શ્રી મનોજ ખંડેરિયાનો જન્મ આજના દિવસે એટલે કે છટ્ઠી જુલાઈએ નરસિહ મહેતાની પાવન ભૂમિ જુનાગઢમાં થયેલો. રસમ અહીની જુદી, નિયમ સાવ નોખા, અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા. શબ્દો જ શણગાર અને શબ્દો જ વહેવારમાં માનતા મનોજભાઈ સાચા અર્થમાં ગુજરાતી ભાષાના -યોગશીલ કવિ હતા. શબ્દોની સાચવણી અને ઉપયોગ કરવા બાબત અતિ જાગૃત આ મૃદુ હૃદય કવિએ એટલે જ લખેલું કે - મોગ્ધ્ય ચોપાસ સાચવી રાખો, કાવ્યનો શ્વાસ સાચવી રાખો. કાવ્યને શ્વાસ ગણતા મનોજભાઈ લખેલું વ્યર્થ નહિ જ જાય એની હૈયાધારણ આપતા આગળ લખે છે કે - લાગશે કામ બીજી ગઝલોમાં,જે બચ્યા -ાસ સાચવી રાખો. શબ્દ પર એમને કેટલો ભરોસો હશે એ આ એમની લખેલી બે પંક્તિઓ વાચતા જ સમજાય જશે - કપાય કે ન બળે, ના ભીનો વા થાય જૂનો, કવિનો શબ્દ છે, એ શબ્દનો કોઈ વિકલ્પ નથી...

કવિતાનો શ્વાસ લઈને ૧૯૪૩ની છટ્ઠી જુલાઈએ મહેસુલી અધિકારી પિતા વ્રજલાલભાઈને ત્યાં જન્મેલા મનોજભાઈ પિતાની વારંવાર થતી બદલીઓને લીધે મોરબી, જામનગર, ધોરાજી જેવા શહેરોમાં ઉછરતા રહ્યા. ૧૯૬૫માં બી.એસ.સી. અને ૧૯૬૭માં એલ.એલ.બી. થયા પછી ૧૯૬૮માં એમણે જન્મસ્થળ જૂનાગઢથી વકીલાતનો વ્યવસાય શરુ કર્યો. લગભગ સત્તરેક વર્ષ વકીલાત કર્યા પછી ૧૯૮૫માં એમણે પથ્થરના ધંધામાં જમ્પલાવ્યું. વિજ્ઞાન, કાયદો અને પથ્થરો સાથે માથા પછાડવા છતાં આ આગવા ગુજરાતીના દિલમાં કવિતાઓ જાણે કોઈ સખત પથ્થરના પહાડમાં કુમળો છોડ ઉગી નીકળે એમ ઉગી નીકળતી અને કદાચ એ ઉગી નીકળતી ઉર્મીઓને જ એમણે આ પંક્તિઓ માં રજુ કરી હશે - હૃદયમાં વસ્યાં પંખીઓ બ્હાર આવે કદી આંખમાં જો તરી જાય પીછું.

મનોજભાઈના સમ્પર્કમાં આવનાર બધા જ એમની સરળતા અને સહૃદયતાથી અભિભૂત થઈ જતા એટલા સરળ આ કવિ પોતાની કાવ્ય ધામતા વિષે પણ એટલા જ જાગૃત હતા. ચમત્કારો નથી તો આ લખાતા શબ્દો બીજું શું? સતત કાગળ ઉપર કંકુ ખરે છે આંગળીમાંથી !!! મનોજભાઈની આંગળીઓ વચ્ચે જકડાયેલી કલમમાંથી આવી એકએકથી ચઢિયાતી રચનાઓ કંકુની જેમ ખરતી રહી અને કાગળને રંગીન કરતી રહી, જાણે કોરા કાગળ પર કંકુ છાટણા ન કર્યા હોય !!! આમ તો મોટેભાગે એવું બને છે કે કવિના જીવનમાં શ્રી અને સરસ્વતી બંને સાથે નાં હોય પણ મનોજભાઈ એમાં અપવાદ રૂપ હતા. એમને સંપતિ અને સરસ્વતી બંને અઢળક વરેલા પણ છતાય એમને બન્નેનું લેશમાત્ર અભિમાન નહિ. શબ્દ અને સંપતિની દોમદોમ સમૃદ્ધિ વચ્ચે પણ સરળતાના ચાહક આ કવિ પોતાને દુર રાખી શકેલા, મનોજભાઈને સંપતિનું કે શબ્દોની વાહવાહીનું લેશમાત્ર પણ અભિમાન નહોતું ઉલટાનું દિવસે દિવસે સરળતા જ એમની સમ્પતિ બનતી ગઈ.

પણ આ સરળતા ખાલી વર્તનમાં જ હતી એવું નહોતું. એમની બધી જ રચનાઓમાં પણ આ સરળતા અનુભવી શકાતી. મનોજભાઈએ કવિતા લખવાની શરૂઆત તો કદાચ ૧૪-૧૫ વર્ષની નાની ઉમરથી જ કરેલી પણ કવિતા સંગ્રહ તો છેક ૧૯૭૦માં અચાનક નામે -સિદ્ધ થયો. લખવાનું શરુ કર્યા પછી લગભગ ૧૦ વર્ષે -થમ કાવ્યસંગ્રહ બહાર પાડવા પાછળનું એક કારણ એ હતું કે મનોજભાઈ એવું દઢ પણે માનતા કે લખ્યા પછી તરત જ -ગટ કરવાને બદલે મેં જે લખ્યું છે એના યથાર્થતા અને ભાવનાઓ જયાં સુધી એમને ખુદને અસર ના કરે ત્યાં સુધી એને -કટ કરવો જોઈએ નહિ. લખવા બાબત મનોજભાઈ એમ માનતા કે અંદરથી અવાજ ન ઉઠે કે લખવાની અનિવાર્યતા જેવું લાગે ત્યારે જ લખવું. સતત કવિતાને જીવતા મ.ખ. નો આ શેર જુવો. સદા શબ્દોના અગ્નિ-સ્તંભને મેં બાથ ભીડી છે, સતત કાગળમાં સળગ્યો છું ઘડીભર શ્વાસ લેવા દે અંદરથી આગ્રહ થયા વગર એમણે લખેલી અને પછી સાર્વજનિક નહિ કરેલી અનેકો પંક્તિઓને ધ્યાનમાં લઈને જ કદાચ એમણે આ શેર લખ્યો હશે. લખાયા પહેલાં જ પોઢી ગયેલ,. ઘણા શબ્દની છે કબર આંગળીમાં ભલે ને -થમ કાવ્યસંગ્રહ ઘણા વર્ષ પછી આવ્યો હોય પણ એ પહેલાના મનોજભાઈ તો દરેક મુશાયરાની જાન બની ગયેલા. એટલે જ કવિ શ્રી રાજેન્દ્ર શુક્લે મનોજભાઈને આ એક શેરમાં જ સરસ બીરદાવેલા કરતાલ કરતાલ વિષે જબ અલખની શોધ હશે, દેખાય ન દેખાય ભલે, બાજૂમાં મનોજ હશે શરૂઆતી સમયમાં એમને એક ગઝલકાર / ગીતકાર તરીકે ઘડવામાં જુનાગઢની સાહિત્ય -વૃત્તિનો મહત્ત્મ ફાળો રહ્યો. મંગળવારીયું અને મિલન સંસ્થાના બેનર નીચે બધા કવિમિત્રો મળતા એનો લાભ મનોજભાઈને થયો. આવી જ બેઠકોમાંથી એમને મનુભાઈ ત્રિવેદી અને રુસ્વા મઝલુમી જેવા દિગ્ગજ સાહિત્યકારોના -ોત્સાહનની સાથે સાથે ને.તખ્તસિંહ પરમાર જેવા કાવ્યમર્મજ્ઞ ગુરુ પણ મળ્યા. આ ઉપરાંત રમેશ પારેખ, ચિનુ મોદી, અનીલ જોશી જેવા સર્જકોની દોસ્તી પણ સાંપડી તો સુરેશ દલાલ, રઘુવીર ચોધરી,ચંદ્રકાંત શેઠ, કુમારપાળ દેસાઈ જેવા સાહિત્યકારોનો સહવાસ પણ મળતો થયો. આવા મર્મી લોકની વચ્ચે મનોજભાઈની કવિતાઓમાં નવું જોમ, જુસ્સો અને ખાસ તો નવા શબ્દો -યોજાતા રહ્યા. કોઈની પણ દરકાર રખ્યા વગર એમની રચનાઓમાં સાવ સરળ પણ નવીન શબ્દો ઉગતા રહ્યા અને શબ્દોનો નશો મનોજભાઈની સાથે સાથે દરેક મુશાયરાઓમાં છવાતો રહ્યો. શબ્દની ફૂંક્યા કરું છું હું ચલમ, લોક સહુ માને છે ગંજેરી મને લોક ગંજેરી નાં માને તો શું માને? એક એક રચનાનો નશો વાચનાર / સાંભળનારને મદહોશ કરી મુકવા સઘામ હતો, હતો નહિ પણ આજે પણ છે જ. પણ એ નશાને જામ સુધી પહોચાડવામાં કેટલી લાગણીઓ અને શબ્દોને પેલે પાર જવું પડ્યું હશે એ વાત મનોજભાઈએ આ શેરમાં બખૂબી વર્ણવી છે - વટાવી મનની મૂંઝારી ને ગૂંગળામણની સીમાઓ, ખબર શું કોઈને કે કઈ રીતે કાગળ સુધી પ્હોંચ્યા કે પછી આ શેર વાંચો - નહીતર મને આમ વ્યાકુળ ન રાખે, હશે શબ્દનું પણ ગયા ભવનું લેણું. લગભગ ચાર દાયકા સુધી ગુજરાતી ભાષાને ઉત્તમ ગઝલો અને ગીતો આપતા રહેલા આ કવિએ સર્જન કેટલું કઠોર હોય શકે એનો નાનકડો ઈશારો આ શેરમાં ખુબ જ સરળતાથી પણ વેધક રીતે કર્યો છે. પકડો કલમ ને કોઈ પળે, એમ પણ બને, આ હાથ આખે આખો બળે, એમ પણ બને અથવા તો આ શેર જુઓ

મને વ્યક્ત કર કાં તને તોડું ફોડું, મને કોઈ મનમાંથી આપે છે જાસો ટલે જ અગાઉ લખ્યું એમ મનોજભાઈને અંદરથી કોઈ ધમકાવે કે જાસો ના પાઠવે ત્યાં સુધી એ કશું જ નાં લખવું એના હિમાયતી હતા એ આ શેરમાં સ્પષ્ટ વર્તાઈ આવે છે - ઘણા શબ્દ દોરી જતા અવળે રસ્તે, સતત કાફિયાના સવાલો નડે છે.

મિત્રોના આગ્રહને લીધે ૧૯૬૫માં બે રચનાઓ કુમાર સામયિક માટે મોકલેલી જે ૧૯૬૬માં -કાશિત થયેલી એ શરૂઆતી અપવાદને બાદ કરતા મનોજભાઈનો -થમ કાવ્યસંગ્રહ છેક ૧૯૭૦માં અચાનક નામે આવ્યો. એ પછી અટકળ (૧૯૭૯) અને અંજની કાવ્યોનો સંગ્રહ અંજની અને ગઝલ સંગ્રહ, હસ્ત-ત, બંને ૧૯૯૧ માં આવ્યા. કોઈ કહેતું નથી (૧૯૯૪) મા એમની ગઝલોને સંપાદિત કરી ને પુસ્તક સ્વરૂપે -ગટ કરાયેલું તો મનોજભાઈએ લખેલ બધા જ -કારના લખાણોમાંથી ૧૨૫ કાવ્યોને સંપાદિત કરી ને એમ પણ બને નામનો સંગ્રહ ૨૦૦૪ માં -કાશિત થયો છે. ક્યાય પણ ગયો નથી એ મનોજભાઈનો અંતિમ કાવ્યસંગ્રહ છે. કવિના અચાનક, અટકળ અને અંજની સંગ્રહો અનુક્રમે ગુજરાત રાજય સરકાર, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયા છે; તો હસ્ત-ત ને અકાદમી અને પરિષદ બંનેના પારિતોષિકો મળ્યા છે.

મનોજભાઈએ પોતાની રચનામાં અનેક નવા પણ સરળ શબ્દો નો ભરપુર ઉપયોગ કર્યો. -ાસના પુજારી આ -યોગશીલ કવીએ સરળ અને ઓછા શબ્દોમાં પણ કેટલીય વેધક વાતો કહેલી છે. આવો આચમન કરીએ આવા જ કેટલાક શેર નું. કેમ ફૂલો ભરવસંતે આથમતાં? બાગમાં વિખવાદ જેવું લાગે છે. વહાવ્યા કરું આંગળીમાંથી ગંગા, કે ક્યારેક જો

● અનુસંધાન પાના - ૭ પર